# ABSTRACT

| | |
|---|---|
| વિદ્યાર્થીનું નામ - | વૃન્દા ચિત્રોડા |
| કોર્સનું નામ - | એમ.એ. |
| વર્ષ - | ૨૦૨૨ |
| શીર્ષક - | પંચતંત્રના કાકોલૂકીયમની કથાઓમાં બાળકને મળતું મૂલ્ય ભાથું |
| માર્ગદર્શકનું નામ - | ડો.જય ઓઝા |


બાળક માટે મૂલ્ય શિક્ષણ અતિ આવશ્યક છે અને તે શિક્ષણ વાર્તાઓ દ્વારા બાળકોને આપી શકાય. મૂલ્યશિક્ષણ બાળકના જીવનમાં થવાથી બાળકના વર્તન અને વ્યવહારમાં પરિવર્તન આવે છે. બાળકની મૂળ શક્તિઓને પ્રેરણા મળે છે. જ્યારે બાળક વાર્તાઓ દ્વારા નવું નવું શીખે છે ત્યારે તેના વ્યાવહારિક જ્ઞાનમાં તાદૃશ થાય છે.

મૂલ્યોની સમજણ જ્યારે વાર્તા દ્વારા મળે તો સોનામાં સુગંધ ભળે છે. પંચતંત્ર અને હિતોપદેશ જેવા આપણા સંસ્કૃત ગ્રંથો આપણી સંસ્કૃતિની ભવ્ય જણસ છે.

હસતા રમતા બાળકમાં મૂલ્યોનું આરોપણ કરાવી દેવાની આ કળા પંડિત વિષ્ણુશર્મા થી માંડીને અત્યારના માતા-પિતા સુધી એકદમ સફળ સાબિત થઈ છે.

પંચતંત્રની પ્રત્યેક કથાઓમાં ઠાંસી-ઠાંસીને ડહાપણ અને શાણપણના મૂલ્યોની વાતો ભરી છે. જેમ-જેમ આ કથારસના પ્રવાહમાં બાળકો ખોવાતાં જાય છે તેમ-તેમ તેઓ અજાણપણે જ મૂલ્યોથી તરબતર થતાં જાય છે.